અમરોલીમાં ત્રણ દિવસ પહેલા રોજગારી માટે આવેલા યુવકે ફાંસો ખાધો

સુરતઃ અમરોલીમાં ત્રણ દિવસ પહેલા રોજગારી માટે આવેલા યુવકે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ અમરોલી અંજની ઇન્ડસ્ટ્રીઝ વિભાગ-1માં લુમ્સ ખાતામાં કામ કરતા 39 વર્ષીય રામલખન દેવીદયાલ નિશાદ ત્રણ દિવસ પહેલા જ રોજેરોટી માટે સુરત આવ્યો હતો. આજે સવારે રામલખને ખાતામાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

ઉમરા ગામમાં આર્થિક સંકડામણમાં યુવકે જીવ દઈ દીધો

સુરતઃ ઉમરાગામમાં આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાઈને જીવ આપી દીધો હતો. ઉમરાગામ દમણ ફળિયાના હળપતિવાસમાં સુનિલ સંજયભાઈ રાઠોડ (28 વર્ષ) કાર વોશિંગ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. શુક્રવારે બપોરે સુનીલે ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. સુનિલે આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

વેડ રોડમાં યોગ્ય કામ નહીં મળતા આધેડે ફાંસો ખાઈ લીધો

સુરતઃ યોગ્ય કામ નહીં મળતા આધેડે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું. મૂળ મહારાષ્ટ્ર અકોલાના વતની વિલાશ ગણપતભાઈ સોનકે (48 વર્ષ) હાલ વેડરોડ લક્ષ્મીનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. વિલાશનું સંચા ખાતાનું કામ એક-દોઢ વર્ષથી છૂટી ગયું હતું. ગુરુવારે બપોરે વિલાશભાઈએ ઘરના રસોડામાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

1.75 કરોડના ચેક રિટર્નના કેસમાં ચિન્મય ગાંધીને એક વર્ષની કેદ

સુરતઃ ૧.૭૫ કરોડ રૂપિયાના ચેક રિટર્ન કેસમાં આરોપી ચિન્મય ગાંધીને એક વર્ષની સજા કોર્ટે ફટકારી હતી. નવજીવન મોટર્સ પ્રા. લિમીટેડના કર્મચારી ચિન્મય પ્રેમલ ગાંધી સને ૨૦૧૧થી નોકરી કરતો હતો અને જુની કાર્સની લે-વેચનું કામકાજ સંભાળતો હતો. ૨૦૧૭માં નવજીવન મોટર્સ પ્રા.લિમીટેડના ડિરેક્ટર હિતેશ ગજજરે હિસાબો તપાસતાં આરોપી ચિન્મય ગાંધીએ હિસાબોમાં ગોટાળા કરી આશરે ૩.૧,૭૫,૦૦,૦૦૦ની ઉચાપત કરી હોવાનું બહાર આવ્યું હતું. જેથી તેઓની પુછપરછ કરતાં ચિન્મય ગાંધીએ ગુનાની કબૂલાત કરી હતી. ચિન્મય ગાંધીએ ફરિયાદીને કબૂલાતનામું લખી આપી રૂ. ૧,૭૫,૦૦,૦૦૦ના ચેક ફરિયાદીને તેમની કાયદેસરની લેણી રકમની ચૂકવણી પેટે આપ્યાં હતાં. જે ચેક ફરિયાદીએ પોતાની બેંકમાં ભરતાં રિટર્ન થયાં હતાં. જેથી ફરિયાદીએ વકીલ કમલેશ એન. રાવલ તથા દિવ્યા ચૌધરી મારફતે સુરત કોર્ટમાં ફરિયાદ કરી હતી. જે કેસ ૭માં એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ પી.એસ. સિંદીની કોર્ટમાં ચાલી જતાં કોર્ટે ફરિયાદીના વકીલની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીને એક વર્ષની સજા તથા ચેકની રકમ રૂ.૧,૭૫,૦૦,૦૦૦ ચૂકવવાનો અને

સુરત મહાનગર પાલિકા ખજોદ કચરા કાંડના પડઘા દિલ્હીમાં પડ્યા

સુરત મનપાએ સ્વચ્છતા સર્વેક્ષણના ડેટામાં છેડછાડ કરી: AAPનો આક્ષેપ

સ્વચ્છતામાં નંબર-1ના રેન્કિંગ સામે સવાલો; કરોડોના ભ્રષ્ટાચાર અને કચરાના પહાડો મુદ્દે દિલ્હીમાં AAPની પ્રેસ કોન્ફરન્સ

સુરતઃ સમગ્ર દેશમાં સ્વચ્છતામાં પ્રથમ ક્રમ મેળવનાર સુરત મહાનગરપાલિકાનું નામ હવે 'ખજોદ કચરા કાંડ'ને લીધે વિવાદોમાં સપડાયું છે. આમ આદમી પાર્ટીના દિલ્હી મુખ્યાલય ખાતે આયોજિત પ્રેસ કોન્ફરન્સમાં આપના નેતા અંકુશ નારંગ, પૂર્વ મેયર શૈલી ઓબરોય અને મહેશ ખીચીએ સુરતના સ્વચ્છતા સર્વેક્ષણ પર આકરા પ્રહારો કર્યા હતા. નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપ શાસિત સુરતમાં વાસ્તવિકતા કંઈક અલગ જ છે અને રેન્કિંગ મેળવવા માટે ડેટામાં મોટાપાયે છેડછાડ કરવામાં આવી છે.

અંકુશ નારંગે જણાવ્યું હતું કે, સુરતને 100% ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન અને ડિસ્પોઝલ બદલ એવોર્ડ અપાયો છે, પરંતુ હકીકતમાં ખજોદ ખાતે કચરાના વિશાળ પહાડો મોજૂદ છે. થોડા દિવસ અગાઉ ત્યાં લાગેલી આગ 60 કલાક સુધી સળગતી રહી હતી, જે પુરવાર કરે છે કે કચરાનો નિકાલ થયો જ નથી. એજન્સીઓ, કોર્પોરેશન અને ભાજપના નેતાઓ વચ્ચેની મિલીભગતથી કરોડોનો ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કરી તેમણે આ મામલે સ્વતંત્ર એજન્સી દ્વારા તપાસની માંગ કરી છે.

પૂર્વ મેયર શૈલી ઓબરોયે સવાલ ઉઠાવ્યો હતો કે, જો સુરત સ્વચ્છ છે તો ખજોદમાં 1.4 મિલિયન મેટ્રિક ટન કચરો ક્યાંથી આવ્યો? તેમણે આક્ષેપ કર્યો કે જ્યારે સુરતના આપના કોર્પોરેટરો ખજોદ સાઈટની મુલાકાતે ગયા ત્યારે તેમને અટકાવવામાં આવ્યા હતા. ભાજપ પોતાની પોલ ખુલી જવાના ડરથી વિપક્ષને રોકી રહી છે. તેમણે મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સને રજૂઆત કરી છે કે સુરત દ્વારા રજૂ કરવામાં આવેલા ડેટાની પુનઃ ચકાસણી કરવામાં આવે.

દિલ્હીના પૂર્વ મેયર મહેશ ખીચીએ સુરતની સરખામણી દિલ્હી સાથે કરતા જણાવ્યું હતું કે, સુરતમાં ગટરની સમસ્યાઓ ગંભીર છે અને AQI (એર ક્વોલિટી ઈન્ડેક્સ) 300ને પાર કરી ગયો છે. કચરો હટાવવા માટે અઢીસો કરોડ રૂપિયા ખર્ચવા છતાં સ્થિતિ જૈસે-થે છે. AAP દ્વારા હવે કેન્દ્રીય સ્તરે આની રજૂઆત કરવાની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

વેરા વસૂલાતમાં વરાછા ઝોન સતત અગ્રેસર, સેન્ટ્રલ ઝોન સૌથી નબળું

રૂ.2559 કરોડની કુલ ડિમાન્ડ સામે અત્યાર સુધી રૂ.1467 કરોડની રિકવરી; સ્ટાફની અછતને કારણે મનપા ગત વર્ષ કરતા 3% પાછળ

ઝોન વાઇઝ વેરા વસૂલાત (કરોડમાં)

ઝોન	કુલ ડિમાન્ડ	થયેલી રિકવરી	ટકાવારી
વરાછા-એ	325.30	218.88	67.29%
વરાછા-બી	165.52	105.22	63.57%
લીંબાયત	337.21	209.34	62.08%
કતારગામ	299.02	183.96	61.52%
રાંદેર	220.29	128.73	58.44%
અઠવા	319.32	184.03	57.63%
ઉધના	485.06	267.01	55.05%
કનકપુર	82.29	42.23	51.31%
સેન્ટ્રલ	325.24	130.21	40.04%

સુરતઃ વર્ષ 2006માં જકાત નાબૂદી બાદ સુરત મહાનગરપાલિકાની આવકનો મુખ્ય સ્ત્રોત મિલકત વેરો રહ્યો છે. તાજેતરમાં થયેલા હદ વિસ્તરણને પગલે શહેરમાં મિલકતોની સંખ્યા વધીને 24.77 લાખને પાર કરી ગઈ છે. વર્ષ 2025-26 માટે મનપાના ચોપડે કુલ રૂ.2559 કરોડના મિલકત વેરાની ડિમાન્ડ નોંધાઈ છે, જેની સામે 5 ફેબ્રુઆરી 2026 સુધીમાં તંત્ર દ્વારા રૂ.1467 કરોડ એટલે કે કુલ 57 ટકા વસૂલાત કરવામાં આવી છે. મનપાએ આ વર્ષે 90 ટકા રિકવરીનો લક્ષ્યાંક રાખ્યો છે, જેને પૂર્ણ કરવા માટે બાકી લેણાંની કામગીરી વધુ તેજ બનાવવામાં આવી છે.

વેરા વસૂલાતના આંકડાઓ જોતા વરાછા-એ ઝોન સતત ત્રીજા વર્ષે રિકવરીમાં મોખરે રહ્યું છે. વરાછા-એ ઝોને પોતાની રૂ.325 કરોડની ડિમાન્ડ સામે 67 ટકા (રૂ.218 કરોડ) વસૂલાત કરી લીધી છે. બીજી તરફ, સેન્ટ્રલ ઝોન રિકવરીમાં સૌથી પાછળ છે. સેન્ટ્રલ ઝોનમાં રૂ.325 કરોડની ડિમાન્ડ સામે માત્ર 40 ટકા (રૂ.130 કરોડ)ની જ રિકવરી થઈ શકી છે. રિકવરી કામગીરી ધીમી પડવા પાછળનું મુખ્ય કારણ સ્ટાફની અછત હોવાનું જાણવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી 'એસઆઈઆર' (SIR) ની કામગીરીમાં મનપાનો મોટો સ્ટાફ છેલ્લા બે મહિનાથી રોકાયેલો હોવાથી ફિલ્ડ રિકવરી પર સીધી અસર પડી છે.

સ્કૂલ મુદ્દે અનશન પર બેઠેલા આપ કોર્પો.ની તબિયત લથડી

ઉપવાસના સ્થળે અમુક લોકોએ હલ્લાબોલ કરી વિરોધ કર્યાનો વિડીયો વાયરલ, 'ચૂંટણીમાં મત લેવા નહીં આવતા' તેવી ચીમકી આપી હોવાની પણ ચર્ચા

સુરતઃ સુરત મહાનગરપાલિકાના વોર્ડ નં. 7 (કતારગામ-વેડ)માં સુમન શાળા બનાવવાના મુદ્દે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલો વિવાદ શમવાનું નામ લઈ રહ્યો નથી. આ વિસ્તારમાં જ શાળા બનાવવાની માંગ સાથે 1લી ફેબ્રુઆરીથી રામકથા રોડ પર અનશન પર ઉતરેલા આમ આદમી પાર્ટીના કોર્પોરેટર ડો. કિશોર રૂપારેલીયાની ગત રાત્રે તબિયત બગડી હતી. અન્નનો ત્યાગ કરવાને કારણે શારીરિક નબળાઈ જણાતા તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે.

જો કે તેની પહેલા બુધવારે રાત્રે અમુક લોકો પેલેડિયમ ચોક ખાતેના ઉપવાસ છાવણી પર ધસી આવ્યા હતા. તેમણે આક્ષેપો કર્યા હતા કે, આમ આદમી પાર્ટી શાળાનો નહીં પરંતુ લોકોના હિતનો વિરોધ કરી રહી છે. સ્થાનિકોની માંગ છે કે આ શાળા વોર્ડ નં. 8 (ડભોલી-સિંગણપોર)માં બનાવવામાં આવે. આ દરમિયાન આપના કાર્યકર્તાઓ અને રહીશો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા, જેની વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. સ્થાનિક લોકોના વિરોધને જોતા ઉપવાસના સ્થળ પરથી 'આપ'ના બેનરો ઉતારી લેવાની ફરજ પડી હતી. વધતા જતા વિરોધને પગલે આપના આગેવાનોએ ગુરુવારે બપોરે 12 વાગ્યા સુધીમાં અનશનનો કાર્યક્રમ સમેટી લેવાની ખાતરી રહીશોને આપી હોવાની વાત પણ ફેલાવવામાં આવી હતી.

બળાત્કારીને દબોચવા પોલીસ રિક્ષાચાલક અને મજૂર બની

ઈચ્છાપોરના બળાત્કાર કેસનો આરોપી વતન મધ્યપ્રદેશ ભાગી છૂટ્યો હતો, પોલીસે વિવિધ વેશ ધરી બે દિવસ રેકી કરી દબોચી લીધો

સુરતઃ ઈચ્છાપોરમાં નોકરીની લાલચ આપી મહિલા પર બળાત્કાર ગુજારી વતન મધ્યપ્રદેશ ભાગી છૂટેલા આરોપીને ઝડપી પાડવા સુરત પોલીસના જવાનોએ ફિલ્મી ઢબે વેશપલટો કરી પ્રશંસનીય કામગીરી કરી છે. આરોપીને પકડવા માટે પોલીસકર્મીઓ સ્થાનિક ઓટો રિક્ષા ચાલક અને દુકાનદાર બની ગયા હતા અને સતત બે દિવસની વોચ બાદ તેને ઝડપી પાડ્યો હતો. આર.જે.ડી સાયણ ટેક્ષટાઈલમાં કામ માટે આવેલી મહિલાને આરોપી અવિનેશકુમાર ઉર્ફે બિપીન ચૌરસીયાએ નોકરી અપાવવાની લાલચ આપી હતી. ગત દિવસોમાં તે મહિલાને ઈચ્છાપોર જેમ્સ એન્ડ જવેલરી પાર્ક હીરા બુર્સમાં કામ બતાવવાના બહાને એકાંતમાં લઈ ગયો હતો અને ત્યાં બળાત્કાર ગુજાર્યો હતો. આરોપીએ મહિલાને ચપ્પુ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો. આ મામલે ઈચ્છાપોર પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. સીસીટીવી અને કોલ ડિટેલ્સના આધારે પોલીસને જાણવા મળ્યું કે આરોપી મધ્યપ્રદેશના રીવા જિલ્લાના સેમરીયા ગામે ભાગી ગયો છે. તેથી ઈચ્છાપોર પોલીસ મધ્યપ્રદેશમાં આરોપીને પકડવા પહોંચી ગઈ હતી. હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહ સ્થાનિક ઓટો રિક્ષાચાલક બન્યા હતા. પોલીસ કોન્સ્ટેબલ ચેતનસિંહ સ્થાનિક ચાની કીટલી પર કામ કરવા લાગ્યા હતા. પોલીસ કોન્સ્ટેબલ બહાદુરભાઈ કિરાણાની દુકાનમાં મજૂર તરીકે ગોઠવાઈ ગયા હતા. સતત બે દિવસ સુધી આરોપીને ખ્યાલ ન આવે તે રીતે રેકી કર્યા બાદ પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસે આરોપીના એક દિવસના રિમાન્ડ મેળવી તેની ઓળખ પરેડ સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રેલવે સ્ટેશને લિફ્ટ ખોટકાઈ, 4 મુસાફર દરવાજો ખોલી જતા રહ્યા

પ્લેટફોર્મ નં.4ની લિફ્ટમાં મુસાફરો ફસાયાની જાણ ફાયર બ્રિગેડને કરાઈ હતી, જો કે ટીમ પહોંચે તે પહેલા સેલ્ફ રેસ્ક્યુ

સુરતઃ સુરત રેલવે સ્ટેશનની પેસેંજર લિફ્ટ આજે સવારે અચાનક ખોટકાઈ જતાં ચાર મુસાફરો તેમાં ફસાઈ ગયા હતાં. કોલ મળતા ફાયર બ્રિગેડની ટીમ બચાવ માટે પહોંચી હતી, જો કે તે પૂર્વે જ લિફ્ટમાં ફસાયેલા મુસાફરો કોઈક રીતે દરવાજો ખોલી નીકળી ગયા હતા. અલબત્ત આ ઘટનાને પગલે રેલવે સ્ટેશને લિફ્ટ સહિતના સાધનોના મેઈન્ટેનન્સ બાબતે ફરી પ્રશ્નો ઉઠવા લાગ્યા છે.

પ્રાપ્ત જાણકારી મુજબ આજે સવારે 10:30 કલાકે સુરત પ્લેટફોર્મ-નં-4ની લિફ્ટ એકાએક ખોટકાઈ ગઈ હતી, તેમાં 4 મુસાફરો ફસાઈ ગયા હતાં. ફાયર કંટ્રોલ રૂમને તેની જાણ કરાતા ઘાંચી શેરી ફાયર બ્રિગેડનો કાફલો સ્થળ ઉપર પહોંચી ગયો હતો.

ફાયર સબ ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતુ કે પ્લેટફોર્મ નં-4 ઉપર દાદર અને હેડ ઓવર બ્રિજ પાસેની આ લિફ્ટ ઓટોમેટિક હતી, જે બીજા માળ ઉપર આવીને અટકી ગઈ હતી. તેમની ટીમ જ્યારે ઘટના સ્થળે પહોંચી, તે પહેલાં મુસાફરો કોઈ રીતે લિફ્ટનો દરવાજો ખોલી જતાં રહ્યાં હતા. રેલવે સ્ટેશન ઉપરની ઓટોમેટીક લિફ્ટોમાં મેન્ટેનેન્સનો અભાવ હોવાને કારણે આવી ઘટનાઓ અનેક વાર બનતી હોવાનું પણ ફાયર સબ ઓફિસર મહેશ પટેલે જણાવ્યું હતું.

કાપડના ધંધામાં નુકસાન બાદ વિદેશી દારૂ વેચતો યુવાન ઝડપાયો

મોરાભાગળના ફ્લેટ પર પોલીસે રેડ કરતા રૂપિયા 1.50 લાખનો દારૂ, મોબાઈલ અને મોપેડ જપ્ત, એક વોન્ટેડ

સુરત : રાંદેર વિસ્તારમાં કપડાના ધંધામાં થયેલા નુકસાન બાદ વધુ નફો કમાવાની લાલચમાં વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપાર શરૂ કરનાર યુવાનને રાંદેર પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે ફ્લેટ પર રેડ કરી વિદેશી દારૂ-બિયર સહિત કુલ રૂપિયા 1.50 લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે તેના સાથીદારને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

રાંદેર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ચૌધરી તથા સેકન્ડ પીઆઈ એમ.કે. ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ બી.જી. વસાવા અને ટીમ શહેર વિસ્તારમાં વણશોધાયેલા ગુનાઓ શોધી કાઢવા તેમજ વાહન ચોરી, ઘરફોડ, મોબાઈલ સ્નેચિંગ, જુગાર-પ્રોહિબિશન સહિતની ગુનાહિત પ્રવૃત્તિઓને રોકવા માટે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન સુરતના રાંદેર મોરાભાગળ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન પોલીસને એક અંગત અને વિશ્વાસુ બાતમીદાર મારફતે સંયુક્ત બાતમી મળી હતી કે વીર સાવરકર હાઈટ્સ કોલકના એચ-602 નંબરના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો સંગ્રહ કરી વેચાણ કરવામાં આવે છે. બાતમીની પુષ્ટિ બાદ પોલીસે તાત્કાલિક રેડ યોજી ફ્લેટમાં તપાસ હાથ ધરી હતી. રેડ દરમિયાન મકાનમાંથી પરપ્રાંતનો ઈંગ્લિશ દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની બોટલો, બિયર, એક મોબાઈલ ફોન અને એક મોપેડ સહિત કુલ રૂપિયા 1,50,636ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ સાથે પોલીસે ગૌરવભાઈ અમરલાલ મંદાના (ઉ.વ. 26, ધંધો-વેપાર રહે. સુમેરૂ સિલ્વર લીક, પાલ લેખ ગાર્ડન, પાલ, સુરત હાલ રહે. એચ-602, વીર સાવરકર હાઈટ્સ, ભેસાણ રોડ, જહાંગીરાબાદ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે ગૌરવભાઈએ કપડાના ધંધામાં થયેલા નુકસાન બાદ વધુ નફો કમાવા માટે વિદેશી દારૂનું ગેરકાયદેસર વેચાણ શરૂ કર્યું હતું. બીજી તરફ આ કેસમાં સમીર ઉર્ફે સીધી પ્રકાશભાઈ જેસવાની (રહે. અડાજણ)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે અને તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે. રાંદેર પીઆઈ આર.જે. ચૌધરીએ જણાવ્યું હતું કે પ્રોહિબિશન કાયદા હેઠળ આરોપી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

રત્નકલાકારે પત્ની-સંતાનોના વિરહમાં ખાવાનું છોડ્યું, મોત

સુરતઃ શહેરમાં અચાનક બેભાન થતા બે યુવકોનાં મોત થયા હતા. ગોડાદરા પ્રિયંકા મેટ્રો સિટી ખાતે રહેતા 41 વર્ષીય દિલીપભાઈ ભાણાભાઈ પટેલને શુક્રવારે બપોરે છાતીમાં દુઃખાવો ઉપડ્યો હતો. તેમને સારવાર માટે ખાનગી અને બાદમાં સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બીજા બનાવમાં, મૂળ રાજકોટના અને હાલ વરાછા ભગીરથ સોસાયટીમાં રહેતા 32 વર્ષીય પાર્થિવ કાળુભાઈ સગર રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારનું ભરણપોષણ કરતો હતો. પાર્થિવને પત્ની સાથે ઝઘડાઓ થતા હતા. જે ઝઘડાઓથી કંટાળી પત્ની બે વર્ષ પહેલા બંને સંતાનોને લઈ પિયરમાં જતી રહી હતી. પાર્થિવ બંને સંતાનોને લઈ ટેન્શનમાં રહી છેલ્લા પાંચ છ દિવસથી ખાવા-પીવાનું બંધ કરી દીધું હતું. આજે સવારે પાર્થિવ ઘરે અચાનક બેભાન થઈ જતા સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

અમરોલીમાં ૭.૮૮ લાખની લૂંટની ટિપ આપનાર સૂત્રધાર ઝડપાયો

લગ્ન પ્રસંગના ફોટાના બાકી રૂપિયા ચૂકવવા મિત્ર પાસે લૂંટ કરાવી હતી

ટિપ આપનારને લૂંટના ૧ લાખ મળ્યા હતા

સુરત : અમરોલી વિસ્તારમાં ગત વર્ષે બિલ કલેક્શનના સાડા સાત લાખથી વધુની રોકડની લૂંટ ચલાવવાના ગુનામાં મહત્વની કડી સમાન વોન્ટેડ આરોપીને સુરત શહેર ક્રાઈમ બ્રાંચે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પકડાયેલા આરોપીએ તેના મિત્રને દેવું ચૂકવવાના બદલે લૂંટની ટીપ આપી એક લાખ મેળવી આ સમગ્ર ગુનાને અંજામ અપાવ્યો હોવાની કબૂલાત કરી છે. ક્રાઈમ બ્રાંચની આર્મ્સ સ્કોડની ટીમને બાતમી મળી હતી કે અમરોલીમાં થયેલી લૂંટમાં ટીપ આપનાર વોન્ટેડ આરોપી ઉત્રાણની રંગોલી ચોકડી પાસે ઊભો છે. જે આધારે પોલીસે વોચ ગોઠવી સંજયભાઈ અરવિંદભાઈ જાદવ (રહે. શુભ લોબર સોસાયટી, વેલંજા, કામરેજ) ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આરોપી સંજયના લગ્ન પ્રસંગે તેના મિત્ર જશપાલસિંહ ઝાલાએ ફોટા પાડ્યા હતા. જશપાલસિંહે બાકી નીકળતા રૂપિયાની ઉઘરાણી કરતા સંજયે પોતાની પાસે નાણાં ન હોવાનું જણાવી લૂંટનો પ્લાન ઘડ્યો હતો.

આરોપીએ તેના મિત્ર જશપાલને સુરત બોલાવી અમરોલી અંજની ઈન્ડસ્ટ્રીઝમાં આવેલી એક મની ટ્રાન્સફરની દુકાન બતાવી હતી. તેણે ખાતરી આપી હતી કે અહીંથી એક માણસ લાખો રૂપિયા ભરેલી બેગ લઈને નીકળે છે, જેને લૂંટી લેવાથી બંનેની આર્થિક તકલીફો દૂર થઈ જશે. ગત વર્ષે સાતમા મહિનામાં જ્યારે મની ટ્રાન્સફર દુકાનદાર રૂપિયા ૭,૮૮,૮૦૦ ભરેલી બેગ લઈને રાત્રિના સમયે નીકળ્યો ત્યારે બે મોટરસાયકલ સવારોએ તેમની બેગ ઝૂંટવી લીધી હતી. દુકાનદારનો પીછો કરતા વસવારી ગામની કેનાલ પાસે લૂંટારુઓએ તેઓને છરીના ઘા મારી ઈજા પહોંચાડી લૂંટ ચલાવી હતી. આ લૂંટના નાણાંમાંથી ટીપ આપનાર સંજય જાદવને એક લાખ રૂપિયા મળ્યા હતા. હાલ ક્રાઈમ બ્રાંચે આરોપીનો કબજો અમરોલી પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ
જુની કલેક્ટર કચેરી, કણબીવગા, ભરૂચ
ફોન નં.(૦૨૬૪૨,૨૨૨૦૭૫/૨૨૨૦૭૩
Email:ceo.bauda@gmail.com
આઝાદીના અમૃત મહોત્સવ

ટેંડર નોટિસ નં.૧૩ વર્ષ:૨૦૨૫-૨૬

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળના હદ વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમો બનાવવાની કામગીરી માટે લાયકાત ધરાવતી એજન્સીની નિમણુંક કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. જે અંગેના વિગતવાર ટેન્ડર ફોર્મની વિગતો www.nprocure.com વેબ સાઇટ ઉપર ઓનલાઇન તા.૦૯/૦૨/૨૦૨૬ થી તા.૧૯/૦૨/૨૦૨૬ સુધી જોવા મળશે, સદર કામ માટે ઓનલાઇન સબમિશનની છેલ્લી તારીખથી તા.૨૫/૦૨/૨૦૨૬ સુધી ટેંન્ડર ફી તથા ઇ.એમ.ડી. રજુ કરવાના રહેશે. તમામ દસ્તાવેજો સ્કેન કરી ઓનલાઇન સબમીશન કરવાના ફરજીયાત રહેશે. આ અંગેની વધુ માહિતી કચેરી કામકાજના સમય દરમિયાન રૂબરુ સંપર્ક સાધવાથી મળી શકશે, સરકારશ્રીના પ્રવર્તમાન નવા પરીપત્રો/નિયમો અન્વયે દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

ટેન્ડર અપલોડ કરવાની તારીખ	તા.૦૯/૦૨/૨૦૨૬ થી તા.૧૮/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ફી ની રકમ	૭૦૦૦.૦૦/-
ઇ.એમ.ડી. ની રકમ	૧,૦૦,૦૦૦.૦૦/-
સિક્યુરીટી ડીપોજીટની રકમ	એસ્ટીમેટેડ કોસ્ટના ૫% તથા કામગીરીના બીલના ૫%
EMD,DD તેમજ ડોક્યુમેંટ મોકલવાની છેલ્લી તારીખ (by R.P.A.D. only)	તા.૨૫/૦૨/૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી.
પ્રી-બિડ મિટીંગ તારીખ	૧૮/૦૨/૨૦૨૬
ટેન્ડર ખોલવાની તારીખ	૨૬/૦૨/૨૦૨૬.(શક્ય હશે તો)

(૧).સમય અવધિ પુર્ણ થયા પછી આવેલ ફિજીકલ ડોક્યુમેન્ટ ધ્યાને લેવામા આવશે નહી.
(૨).સદર ટેન્ડરીંગ માટે બોડાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

--સહી--
મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ

માહિતી/ભરૂચ/૭૬૪/૨૦૨૬

120 કિમી દૂર વડોદરા છતાં 422 કિલોમીટર દૂરથી અધિકારીને મુકાતા અચરજમાં

સં. ચેરિટી કમિ.ના ચાર્જનો વિવાદ ઉકેલાશે

પાટનગરની બ્યુરોક્રેસીના અંધેર વહીવટને લીધે ભાવનગર અને રાજકોટના અધિકારીને સુરતનો ચાર્જ સોંપાયો

સુરતઃ સંયુક્ત ચેરિટી કમિશનર, સુરત વિભાગનો ચાર્જ સોંપવાના મામલે પાટનગરની ટોપ બ્યુરોક્રેસીએ ભાંગરો વાટી નાંખ્યા બાદ હવે વિવાદની આગે ચિનગારી પકડતા ઉચ્ચાધિકારીઓ લૂલો બચાવ કરતા થઈ ગયા છે.

દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં આશરે સાડાચાર હજાર કરતા વધારા ચેરિટી , શૈક્ષણિક અને સ્વસ્થય સેવા પ્રદાન કરવા સહિત ધાર્મિક ટ્રસ્ટ સુરતની સંયુકત ચેરિટી કમિશનર કચેરીના તાબા હેઠળ આવે છે. વળી સુરત અને દક્ષિણ ગુજરાતભરની કચેરીમાં ચેરિટીને લગતા ઢગલેબંધ કામો પેન્ડિગ છે. તેમ છતાં સુરતને વિતેલા પંદરેક વરસથી રેગ્યુલર અધિકારી નથી ફાળવાયા. હાલ જે અધિકારીને મૂકાયા છે તેમની હાલત પણ દિલ્હીથી દોલતાબાદ જેવી થાય છે. આ અધિકારીને હંગામી ધોરણે મૂકાયા છે અને તે પણ જોજન દૂર હોય તેવા રાજકોટ અને ભાવનગરના ચાર્જવાળાને. જેને લઈને ભારે વિવાદ થયો છે.

દેખીતી રીતે જોઈએ તો ચાર્જ છેક રાજકોટને સોંપી દેવાયો છે. રાજકોટનું અંતર ૪૨૨ કિમીથી વધુ થાય છે. આટલા લાંબા અંતર ચેરિટી કમિશનરને વીકમાં બે દિવસ સુરત પણ દોડાદોડ કરવી પડે છે. વાસ્તવમાં સુરતથી નજીક એવા વડોદરામાં અધિકારી છે. તેમને જો આ પદભાર સોંપાયો હોત તો કદાચ આ કચેરીનું કામકાજ વધુ ઝડપી અને સુચારુ રીતે થઈ શકતે. પરંતુ પાટનગરની એસી કેબીનમાં બેસતી બ્યુરોક્રેસીની લોબીએ પોતીકા અધિકારીને સેટ કરવા સુરતમાં છેક સેકડો માઈલ દૂરથી અધિકારી મૂકયા છે. આ મામલો પેચીદો અને વિવાદી બનતા હવે પાટનગરમાં બેસતા અધિકારીઓમાં સખળડખળ શરૂ થઈ છે. સુરતની આ જગ્યા ભરવા માટે એજન્ડા હાથ ઉપર લેવાયો હોવાનું જાણવા મળ્યું છે.

ટ્રસ્ટોની કામગીરીને પર અસર, અરજદારો હેરાન

અધિકારી ભૌગોલિક રીતે દૂર હોવાથી દક્ષિણ ગુજરાતના ટ્રસ્ટ સંબંધિત કામકાજમાં વિલંબ થતો હોવાના આક્ષેપો પણ સામે આવી રહ્યા છે. રજિસ્ટ્રેશન, ખાતા મંજૂરી, ફરિયાદ નિકાલ જેવી પ્રક્રિયાઓ ધીમી પડતા ટ્રસ્ટ સંચાલકો અને અરજદારોને મુશ્કેલી ભોગવવી પડી રહી હોવાનું જાણવા મળ્યું છે. સરકારના આ નિર્ણયથી સુરત ઝોનની કામગીરી પર સીધી અસર પડી રહી છે. હવે જોવાનું રહ્યું કે રાજ્ય સરકાર આ મુદ્દે પુનર્વિચાર કરશે કે નહીં? અને દક્ષિણ ગુજરાતના હજારો ટ્રસ્ટોને રાહત ક્યારે મળશે?

સરકારના ધ્યાને છે અને અધિકારીની નિમ